

# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



# ચાંદનું ગુમ થયેલું હાસ્ય




એક સમયે આકાશના આંગણે ચાંદામામા ખૂબ જ ખુશ રહેતા હતા. દરરોજ રાત્રે તેઓ પોતાની શીતળ ચાંદની ફેલાવતા અને પૃથ્વી પરના બાળકોને મીઠી ઊંઘ સુવાડતા. ચાંદામામાનું હાસ્ય એટલું સુંદર હતું કે તારલાઓ પણ તેમની આસપાસ નાચવા લાગતા.

પણ એક રાત્રે કંઈક અજીબ થયું. આકાશમાં ચાંદ તો ઉગ્યો, પણ તેના ચહેરા પર પેલું મનમોહક હાસ્ય નહોતું. ચાંદામામા ઉદાસ હતા. તેમણે હસવાનું સાવ બંધ કરી દીધું હતું. આખું આકાશ ઝાંખું પડી ગયું હોય તેવું લાગતું હતું.

નજીકમાં રહેતા ટમટમતા તારલાઓ મૂંઝવણમાં મુકાઈ ગયા. ‘ટીંકુ’ નામના એક નાનકડા તારાએ હિંમત કરીને પૂછ્યું, “ચાંદામામા, આજે તમે કેમ આટલા ઉદાસ છો? તમારું હાસ્ય ક્યાં ખોવાઈ ગયું?” ચાંદામામાએ નિસાસો નાખતા કહ્યું, “ટીંકુ, પૃથ્વી પરથી હવે મને કોઈનું હાસ્ય સંભળાતું નથી. બાળકો હવે રાત્રે વાર્તાઓ સાંભળવાને બદલે મોબાઈલ અને ટીવીમાં ખોવાયેલા રહે છે. મને લાગે છે કે પૃથ્વી પરના લોકો હસવાનું ભૂલી ગયા છે, એટલે મારું હાસ્ય પણ ગુમ થઈ ગયું છે.” ટીંકુ તારાએ નક્કી કર્યું કે તે ચાંદામામાનું હાસ્ય પાછું લાવશે. તે સરરરર કરતો પૃથ્વી પર ઉતર્યો. તેણે જોયું કે એક નાના ગામમાં ‘આરવ’ નામનો છોકરો તેના બગીચામાં બેઠો હતો. આરવ પણ ઉદાસ હતો કારણ કે તેનો પ્રિય દડો ક્યાંક ખોવાઈ ગયો હતો. ટીંકુ તારો આરવ પાસે ગયો અને ધીમેથી તેના કાનમાં બોલ્યો, “આરવ, તું જો ઉદાસ રહીશ તો આકાશમાં ચાંદામામા પણ ક્યારેય નહીં હસે. ચાલ, આપણે સાથે મળીને તારો દડો શોધીએ!” આરવને નવાઈ લાગી કે તારો તેની સાથે વાત કરે છે! તેણે ઉત્સાહમાં આવીને દડો શોધવાનું શરૂ કર્યું.

> **ટીંકુ તારો આરવ પાસે ગયો અને ધીમેથી તેના કાનમાં બોલ્યો, “આરવ, તું જો ઉદાસ રહીશ તો આકાશમાં ચાંદામામા પણ ક્યારેય નહીં હસે. ચાલ, આપણે સાથે મળીને તારો દડો શોધીએ!”**

થોડી જ વારમાં દડો ગુલાબના છોડ પાછળથી મળી ગયો. આરવ ખડખડાટ હસી પડ્યો.

જેવું આરવનું હાસ્ય ગુંજ્યું, ટીંકુ તારાએ તે હાસ્યને એક જાદુઈ પોટલીમાં ભરી લીધું. પછી તે જંગલમાં ગયો, જ્યાં એક નાનું સસલું તેના મિત્રો સાથે રમતું હતું. સસલાના આનંદને પણ તેણે પોટલીમાં ભર્યો. જ્યાં જ્યાં બાળકો નિર્દોષપણે હસતા હતા, તે બધું જ હાસ્ય ટીંકુએ ભેગું કર્યું. ટીંકુ ઝડપથી આકાશમાં પાછો ફર્યો અને ચાંદામામાને પેલી જાદુઈ પોટલી બતાવી. જેવી પોટલી ખોલી, આખા આકાશમાં બાળકોના હસવાનો મધુર અવાજ ગુંજી ઉઠ્યો. આ અવાજ સાંભળીને ચાંદામામાનો ચહેરો ખીલી ઉઠ્યો. તેમના ગાલ પર ફરીથી પેલા સુંદર ખાડા પડ્યા અને આખું આકાશ દૂધ જેવી સફેદ ચાંદનીથી ભરાઈ ગયું. ચાંદામામા ફરીથી હસવા લાગ્યા!

**આ વાર્તા આપણને બે સુંદર વાતો શીખવે છે:**

**નિર્દોષતાનું મૂલ્ય:** આપણું હાસ્ય અને ખુશી માત્ર આપણા માટે જ નહીં, પણ આપણી આસપાસની દુનિયા માટે પણ પ્રકાશ સમાન છે.

**સાથ-સહકાર:** જો આપણે બીજાને ખુશ રાખવાનો પ્રયત્ન કરીએ, તો આપણી પોતાની ખુશી આપોઆપ પાછી આવી જાય છે.

**યાદ રાખજો બાળકો:** જ્યારે તમે હસો છો, ત્યારે આખું બ્રહ્માંડ તમારી સાથે હસે છે. એટલે હંમેશા ખુશ રહો અને બીજાને પણ હસાવતા રહો!

# ‘ફાસ્ટ ફૂડ’ અને ‘જંક ફૂડ’માં શું છે તફાવત?




રોજિંદા જીવનમાં આપણે અવારનવાર ‘ફાસ્ટ ફૂડ’ અને ‘જંક ફૂડ’ શબ્દોનો ઉપયોગ એક જ અર્થમાં કરીએ છીએ. બર્ગર, પિઝા, ફ્રેન્ચ ફ્રાઈસ, ચિપ્સ કે કોલ્ડ ડ્રિંક્સ આ બધાને આપણે જંક ફૂડ કે ફાસ્ટ ફૂડ કહી દઈએ છીએ. પરંતુ હકીકતમાં બંને વચ્ચે ઘણો તફાવત છે. આ તફાવત એટલો મહત્વનો છે કે, UPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ આને લગતા સવાલો પૂછવામાં આવ્યા છે. મોટાભાગના ઉમેદવારો સાચો જવાબ આપી શકતા નથી કારણ કે તેઓ બંનેને એક જ સમજી લે છે. આજે અમે તમને આ બંને ટર્મ્સ વચ્ચેનો મૂળભૂત તફાવત જણાવીએ છીએ. આ જાણીને તમે પણ આશ્ચર્યચકિત થઈ જશો.

### શું હોય છે આ બંને ફૂડ?

ફાસ્ટ ફૂડ મુખ્યત્વે તેની બનાવવાની ઝડપ દ્વારા વ્યાખ્યાયિત થાય છે. ફાસ્ટ ફૂડ એ એવું ભોજન છે જે ખૂબ જ ઓછા સમયમાં તૈયાર કરી શકાય છે અને તરત જ પીરસી શકાય છે. રેસ્ટોરન્ટ, ક્વિક સર્વિસ રેસ્ટોરન્ટ અથવા સ્ટ્રીટ ફૂડ સ્ટોલ પર ઉપલબ્ધ આવા ખોરાકને ફાસ્ટ ફૂડ કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે બર્ગર, પિઝા, નૂડલ્સ, મોમોઝ, ફ્રાઈડ ચિકન, સેન્ડવિચ વગેરે. તેમની ખાસિયત એ છે કે, તેમને પહેલેથી તૈયાર રાખવામાં આવે છે અથવા ઓર્ડર મળતાની સાથે જ થોડી મિનિટોમાં બનાવીને આપવામાં આવે છે.



તો બીજી તરફ, જંક ફૂડ પોષણની દ્રષ્ટિએ વ્યાખ્યાયિત થાય છે. જંક ફૂડ એ એવું ભોજન છે જેમાં કેલરી, ખાંડ, મીઠું અને બિનઆરોગ્યપ્રદ ચરબી (ટ્રાન્સ ફેટ, સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ખૂબ વધારે હોય છે, પરંતુ પ્રોટીન, વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર અને અન્ય પોષક તત્વો ખૂબ જ ઓછા અથવા નહિવત હોય છે. આને ‘ખાલી કેલરી’ (empty calories) વાળો ખોરાક પણ કહેવામાં આવે છે કારણ કે તે શરીરને ઊર્જા તો આપે છે પરંતુ જરૂરી પોષણ આપતા નથી. ચિપ્સ, નમકીન, કેન્ડી, ચોકલેટ, કોલ્ડ ડ્રિંક્સ, પેકેટમાં આવતી કેક, ડોનટ્સ વગેરે આના ક્લાસિક ઉદાહરણો છે.

### શું છે બંનેમાં તફાવત?

આ બંનેમાં મુખ્ય તફાવત એ છે કે, દરેક જંક ફૂડ ફાસ્ટ ફૂડ હોઈ શકે છે, પરંતુ દરેક ફાસ્ટ ફૂડ જંક ફૂડ હોતું નથી. ઉદાહરણ તરીકે, જો કોઈ રેસ્ટોરન્ટ તાજું સલાડ, ગ્રીલ્ડ ચિકન, ફ્રૂટ સ્મૂધી અથવા સ્ટીમ્ડ વેજિટેબલ્સ ઝડપથી તૈયાર કરીને પીરસે છે, તો તે ફાસ્ટ ફૂડ છે પરંતુ જંક ફૂડ નથી. તો બીજી તરફ, પેકેટમાં મળતી ચિપ્સ જંક ફૂડ છે અને ફાસ્ટ ફૂડ પણ છે, કારણ કે તેને બનાવવામાં સમય લાગતો નથી અને તે પહેલેથી તૈયાર પેકેટમાં ઉપલબ્ધ હોય છે.

## હેપ્પી બર્થડે



નામ : મો. હારિશ શેખ
માતા : તબસ્સુમ શેખ



નામ : વિરાજ સગર
માતા : ભક્તિ સાગર

## રસ્તો શોધો




## તફાવત શોધો





## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | | 6 | | 5 | | 4 | = | 11 |
| 2) | 5 | | 4 | | 8 | | 9 | = | 10 |
| 3) | 3 | | 7 | | 5 | | 4 | = | 22 |

### CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| H | A | T |
| | | |
| | | |
| P | I | N |

### CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.




### BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને કોર્ટને સંબંધિત 7 શબ્દોના નામ બનાવો....

| | | | | |
|---|---|---|---|---|
| NE | ST | JU | CR | ICE |
| WS | HE | IME | LA | |
| DE | JU | FI | AR | |
| ING | CR | RY | EE | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 3 |
| 5 અક્ષર | 1 |
| 6 અક્ષર | 1 |
| 7 અક્ષર | 2 |

જવાબ
1. FINE
2. JURY
3. LAWS
4. CRIME
5. DECREE
6. HEARING
7. JUSTICE

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | × | 6 | − | 5 | + | 4 | = | 11 |
| 2) | 5 | + | 4 | − | 8 | + | 9 | = | 10 |
| 3) | 3 | × | 7 | + | 5 | − | 4 | = | 22 |

Q2

| | | |
|---|---|---|
| H | A | T |
| H | I | T |
| P | I | T |
| P | I | N |

Q3

| | | |
|---|---|---|
| 4 | 8 | 6 |
| 9 | 5 | 7 |
| 1 | 2 | 3 |

(વર્તુળો: 26, 24, 17, 17)

## શબ્દો પૂરો

